ક્રમાંક/તાલીમ-૧/પ્રવેશ/જ/૧૬/૨૧૩૧-૪૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.,

તા.૩૦/૫/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી બાલ અધ્યાપન મંદિર, તમામ

વિષયઃ- પૂર્વ પ્રાથમિક શિક્ષક અધ્યાપન મંદિર, પ્રિ.પી.ટી.સી. પ્રવેશ બાબત વર્ષ ૨૦૧૬
સંદર્ભઃ- શિ.વિ.નો પત્ર ક્ર/૫૫ચ/૧૦૯૯/૨૬૦૫/ન, તા.૧૯/૧/૨૦૦૦

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભમાં જણાવેલ પત્રથી રાજયના બાલ અધ્યાપન મંદિરોમાં પ્રવેશની કાર્યવાહી જે તે સંસ્થાઓને સુપ્રત કરવામાં આવેલ છે. વિશેષ સૂચનાઓ આ સાથે સામેલ છે તે મુજબ પ્રવેશ માટેની કાર્યવાહી કરવાની રહેશે.

તમામ પૂર્વ પ્રાથમિક અધ્યાપન મંદિરોએ પ્રવેશ માટે સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. પ્રવેશની કાર્યવાહી અને સુચનાઓના કયાંય ભંગ થશે તો સંબંધીત સંસ્થાઓ વિરુધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રિ.પી.ટી.સી. માટે આપની સંસ્થામાં જરૂરીયાત મુજબના ફોર્મ ગત વર્ષના નમુના મુજબ તાત્કાલિક છપાવી લેવા પ્રવેશ ફોર્મને પ્રિન્ટેડ નંબર આપવા તથા ગ્રાન્ટેડ સંસ્થાઓએ પ્રવેશ ફોર્મ ફી રૂ.૨૦/- મળે તે સરકારશ્રીમાં ચલણથી જમા કરવાની રહેશે. અને પ્રવેશ ફોર્મનો હિસાબ રાખવાનો રહેશે અને તેની જાણ આ કચેરીને કરવાની રહેશે. પ્રિ.પી.ટી.સી. અરજી પત્રક કોલમ-૫ ના કેટેગરીમાં અપંગ અંગેની કેટેગરીમાં અપંગ કેટેગરી દર્શાવવી તે મુજબ ફોર્મ છપાવવા ખાસ નોંધ લેવી. આ કચેરી તરફથી આગામી અઠવાડિયાની શરૂઆતમાં જાહેરાત આપવામાં આવનાર છે. તો આ પત્ર મળ્યેથી દિન-૨ માં પ્રવેશ ફોર્મ છપાવી તૈયાર રાખશો અત્રેથી આપવામાં આવનાર જાહેરાતનો નમૂનો આ સાથે સામેલ છે. ફોર્મ સ્વીકાર્યા બાદ જનરલ તથા અનામત કેટેગરીવાર મેરીટયાદી ( ઓપન, એસ.સી., એસ.ટી. તથા બક્ષીપંચ, **બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો** ) તૈયાર કરી પ્રવેશયાદી પ્રતિહસ્તાક્ષર કરાવવા માટે **<u>તા.૧૬/૬/૧૬ના</u>** રોજ સવારના ૧૧-૦૦ કલાકે અત્રેની કચેરીએ ગાંધીનગર ખાતે આચાર્ય, સંચાલકશ્રીએ જાતે ઉપસ્થિત રહેવું.

પ્રતિહસ્તાક્ષર કરાવવા માટે (૧) આવેલ તમામ અસલ અરજીઓ બિડાણો સહિત (૨) ઈનવર્ડ રજીસ્ટર (૩) આવેલ તમામ અરજીઓનું કોમ્પ્યુટર ટાઈપ સળંગ મેરીટ લીસ્ટ બે નકલમાં (૪) કેટેગરી વાઈઝ પ્રવેશ યાદીની કોમ્પ્યુટર ટાઈપ કરેલી બે નકલમાં (૩) અને (૪) પ્રમાણેના લીસ્ટમાં અટક નામ પિતાનું નામ પુરા લખેલા હોવા જોઈએ.

તા.૧૬/૬/૨૦૧૫ પછી રજુ થતી પ્રવેશ યાદી પર પ્રતિહસ્તાક્ષર કરી આપવામાં આવશે નહિ. તમામ પ્રિ.પી.ટી.સી. સંસ્થાઓએ એન.સી.ટી.ઇ.ના મંજુરી આદેશની નકલ પ્રમાણિત કરી ફાઇલમાં રજુ કરવાની રહેશે. સંસ્થાએ એન.સી.ટી.ઇ.એ મંજુર કરેલ ઈન્ટેક મુજબ જ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

નોંધ ઉપર નિયામકશ્રીના આદેશાનુસાર

નિયામક,
પ્રાથમિક શિક્ષણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર, ખેડા, વડોદરા, રાજકોટ, ભાવનગર, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, કચ્છ, સાબરકાંઠા, સુરત, અમદાવાદ શહેર, પાટણ

# <u>પ્રવેશના નિયમો</u>

**૧ વર્ગોમાં બેઠક સંખ્યાઃ-**

દરેક પૂર્વ પ્રાથમિક શિક્ષક અધ્યાપન મંદિરોને વર્ષ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક વર્ષ માટે એન.સી.ટી.ઇ. ભોપાલ દ્વારા મંજુર થયેલ પ્રવેશ ક્ષમતા પ્રમાણે જ ઉમેદવારોને પ્રવેશ આપી શકાય.

**૨. શૈક્ષણિક લાયકાતઃ-**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્રારા લેવાયેલ એસ.એસ.સી.ના ગુણાનુક્રમે જ પ્રવેશ આપવાનો રહેશે.

**૩. વય મર્યાદાઃ-**

૧લી જુલાઇ ૨૦૧૬ના પ્રારંભે મહતમ વય મર્યાદા ૨૨ વર્ષની રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, તથા સામાજીક અને શૈક્ષણિક પછાત જાતીના ઉમેદવારોને મહત્તમ વય મર્યાદામાં ૫ વર્ષની છુટછાટ આપવાની રહેશે. ન્યુનતમ (ઓછામાં ઓછી ) વય મર્યાદા સરકારશ્રીના શિક્ષણ વિભાગના જાહેરનામા તારીખ ૧૫/૩/૨૦૦૧થી રદ કરેલ છે.

**૪. અનામત બેઠકોઃ-**

**પ્રવેશમાં અનામતની ટકાવારી નીચે પ્રમાણે રાખવી.**

૧. અનુસુચિત જાતઃ- ૭ ટકા, અનુ.જનજાતિઃ- ૧૫ ટકા અને સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિઃ- ૨૭ ટકા, **બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો**- ૧૦ ટકા તેમજ ૩

ટકા જગાઓ જે તે કેટેગરીમાં અપંગ માટે અનામત રાખવાની રહેશે. આ ટકાવારી કુલ પ્રવેશ ક્ષમતા ઉપર જાળવવાની રહેશે.

૨. પ્રવેશની મેરીટ યાદી તૈયાર કરતા સમયે ઓપન મેરીટ યાદીમાં અનામતના ઉમેદવારો ગુણાનુક્રમે પ્રવેશપાત્ર થતા હોય તો તેમને ઓપન ની જગ્યા પર પ્રવેશ આપવાનો રહેશે ત્યાર પછી જ અનામત ક્વોટા મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

૩. અનામત માટે પુરતા ઉમેદવારો ન મળે તેવા સંજોગોમાં ખાલી રહેતી જગ્યાઓ ઓપન મેરીટથી ભરવાની રહેશે.

**૫. ટ્રાયલઃ-**

**પ્રિ.** પી.ટી.સી. માં પ્રવેશ માટે નક્કી કરેલા સરકારશ્રીના નિયમોનુસાર એસ.એસ.સી.પરીક્ષા એક થી વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તે દરેક વધારાના પ્રયત્ન દીઠ ૫ ગુણ મેળવેલ ગુણમાંથી કપાત કરી ટકાવારી ગણવાની રહેશે.

## પ્રવેશની કાર્યવાહી

**૧. પ્રવેશ ફોર્મ તથા વિતરણઃ-**

પ્રવેશ માટેના અરજીપત્રકનો નમૂનો આ સાથે સામેલ રાખેલ છે. તે મુજબના ફોર્મ આપે ( સંસ્થા દ્વારા) છપાવવાના રહેશે. તથા કચેરીની જાહેરાત મુજબ વિતરણ કરવાનું રહેશે. પ્રવેશ ફોર્મની કિંમત પ્રોસેસિંગ ચાર્જ સહિત રૂા.૨૦/- રાખવી.

**૨. ફોર્મનો સ્વીકારઃ-**

જાહેરાતમાં જણાવ્યાનુસાર પ્રવેશ ફોર્મનું વિતરણ તથા સ્વીકાર કરવાનો છે. પ્રવેશ ફોર્મ સ્વીકારતા હાલની પધ્ધતિ મુજબ અસલ પ્રમાણપત્રોની વિગતો ફોર્મ ભરેલી વિગતો સાથે ચકાસણી કરી, નીચે ખરાઈનું પ્રમાણપત્ર આપી બિડાણ સહિત ફોર્મ સ્વીકારવાનુ છે. ફોર્મ મળ્યાની પહોંચ આપવી

**૩ મળેલ પ્રવેશ ફોર્મનુ રજીસ્ટર નિભાવવુઃ-**

મળેલ પ્રવેશ ફોર્મને નીચે પ્રમાણેના રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

| નોંધણી નંબર | નામ | જન્મતારીખ | એસ.એસ.સી.ના મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા | જાતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

**૪ પ્રવેશ યાદીઓ તૈયાર કરવી.**

મળેલ પ્રવેશ ફોર્મની વિગતોનુસાર કોમ્પ્યુટર દ્વારા પ્રવેશ યાદીઓ તૈયાર કરવી. તેમા તમામ અરજીપત્રકોનું ગુણાનુંક્રમે (૧) જનરલ મેરીટ યાદી (૨) જાતિવાર મેરીટ યાદી તૈયાર કરવી અને તે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીમાં પ્રતિહસ્તાક્ષર કરાવવી, પ્રવેશ યાદી મંજુર થયેથી પ્રવેશપાત્ર ઉમેદવારોના પત્રો યુ.પી.સી.થી રવાના કરવા અને તેમને હાજર થવા માટે ૭ (સાત) દિવસનો સમય આપવો. પ્રવેશ યાદી - નોટીસ બોર્ડ ઉપર તથા આ કચેરીને મોકલી આપવી.

**૫. વેઈટીંગઃ-**

પ્રથમ યાદીથી હાજર થયેલા ઉમેદવારોથી ખાલી રહેલ જગ્યાઓ બીજી અને ત્રીજી યાદીથી પુરવા પ્રયત્ન કરવો તેમને પ્રવેશની કાર્યવાહી કોલમ-૫ મુજબ કરવી.

**૬. ફીઃ-**

સ્વનિર્ભર બાલ અધ્યાપન મંદિરોમાં પ્રવેશ ફી, સત્ર ફી રૂપિયા ૧૫,૦૦૦/- ( પ્રથમ સત્રમાં રૂા.૭૫૦૦/- તથા બીજા સત્રમાં ૭૫૦૦/- ) લેવાની રહેશે. આ સિવાય સંસ્થા - હોસ્ટેલ ફી, ફુડબીલ મેળવી શકશે. જે અંગેની જાણકારી આ કચેરીને કરવાની રહેશે

**૭. અભ્યાસ સંબંધિત વિગતોઃ-**

એન.સી.ટી.ઇ.ના ધારાધોરણો અનુસાર લાયકાતવાળા કર્મચારીની નિમાણુંક કરવાની રહેશે. તેમના કામના દિવસો ૧૫૦ અને ૩૦ પ્રેકટીકલ સાથેના કુલ ૧૮૦ દિવસની હાજરી ફરજીયાત થવી જોઈએ, તેનું પાલન કરવાનું રહેશે.

# પ્રિ.પી.ટી.સી. ( બાલ અધ્યાપન મંદિર ) માં પ્રવેશ અંગેની સુચના

રાજયમાં આવેલ સરકાર માન્ય ગ્રાન્ટેડ તથા સ્વનિર્ભર બાલ અધ્યાપન મંદિરોમાં એક વર્ષના અભ્યાસક્રમમાં સને ૨૦૧૬-૧૭ ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો પાસેથી અરજીઓ માંગવામાં આવે છે.

(૧) **પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાતઃ-** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ ( એસ.એસ.સી.) પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હવી જોઈએ. પ્રવેશ એસ.એસ.સી. ( ધોરણ-૧૦) ના ગુણાનુક્રમે મળવાપાત્ર રહેશે.

(૨) **પ્રવેશ માટે ઉંમરઃ-** જે ઉમેદવારોની ઉંમર તા.૧/૭/૨૦૧૬ના રોજ ૨૨ વર્ષથી વધુ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશને પાત્ર ગણાશે. અનામત કક્ષાના ઉમેદવારો માટે મહત્તમ વય મર્યાદામાં ૫ વર્ષની છુટ મળશે.

(૩) **અનામત બેઠકોઃ-** અનુસુચિત જાતિ ૭ %, અનુસુચિચત જનજાતિ ૧૫ % તથા સામાજીક શૈક્ષણિક પછાત જાતિના ઉમેદવારો માટે ૨૭ %, **બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો- ૧૦ %** બેઠકો અનામત રાખવામાં આવશે. વિકલાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીમાં ૩ % બેઠકો અનામત રહેશે.

(૪) **પ્રવેશ અરજી મેળવવા તથા ભરેલ અરજીઓ આપવા અંગેઃ-** **તા.૩૧/૫/૨૦૧૬ થી ૧૦/૬/૨૦૧૬** સુધી (રવિવાર સિવાય) સવારના ૧૧-૦૦ થી બપોરના ૨-૦૦ કલાક દરમ્યાન રૂા.૨૦/- રોકડા આપવાથી ઉમેદવારો જે બાલ અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તે બાલ અધ્યાપન મંદિરમાંથી પ્રવેશ ફોર્મ મળશે. જે ભરીને તે જ બાલ અધ્યાપન મંદિરમાં **તા.૧૦/૬/૨૦૧૬** સુધી પરત આપવાના રહેશે. પ્રવેશ ફોર્મ આપતી વખતે અસલ પ્રમાણપત્રો જેવા કે એસ.એસ.સી.માર્કશીટ, ટ્રાયલ સર્ટીફીકેટ, સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ, શારીરિક ખોડખાપણનો દાખલો તથા જાતિ પ્રમાણપત્ર સાથે લઈ જવાના રહેશે. બક્ષીપંચના ઉમેદવારોએ તા.૧/૪/૨૦૧૬ પછીનું ક્રિમીલીયર સર્ટી રજુ કરવાનુ રહેશે.

(૫) સ્વનિર્ભર પ્રિ.પી.ટી.સી. સંસ્થામાં વાર્ષિક ફી રૂા.૧૫૦૦૦/- રહેશે.

**અનુદાનિત બાલ અધ્યાપન મંદિરોની યાદીઃ-**

૧. શ્રીમતી માણેકબા પૂર્વ પ્રાથમિક શિક્ષણ તાલીમ કેન્દ્ર, અડાલજ, જિ.ગાંધીનગર ( બહેનો )
૨. શ્રી બી.એમ.પટેલ બાલ અધ્યાપન મંદિર, ડાકોર રોડ, નડિયાદ, જી. ખેડા ( બહેનો માટે )
૩. શ્રી વસંત બાલ અધ્યાપન મંદિર, જીવન માંગલ્ય સ્કુલ પાસે, દાંડિયા બજાર, વડોદરા, જી.વડોદરા, (બહેનો માટે)
૪. શ્રી વલ્લભ કન્યા કેળવણી મંડળ, ઢેબર ચોક, રાજકોટ, જિ.રાજકોટ ( બહેનો માટે )
૫. શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગર, જિ. ભાવનગર ( મિશ્ર )
૬. શ્રી કે.જે.મહેતા કોલેજ ઓફ પ્રિ.પ્રાયમરી એજયુકેશન, કલ્યાણ મંદિર કેમ્પસ, વિધામંદિર, પાલનપુર ( મિશ્ર )
૭. મૈત્રી વિધાપીઠ પૂર્વ પ્રાથમિક બાલ અધ્યાપન મંદિર, માનવ મંદિર, સુરેન્દ્રનગર ( બહેનો માટે )
૮. બાલ અધ્યાપન મંદિર, મુન્દ્રા, જી. કચ્છ ( બહેનો માટે )

**સ્વનિર્ભર બાલ અધ્યાપન મંદિરોની યાદી**

૧. શ્રીમતી ઝેડ.એસ.પટેલ પ્રિ.પી.ટી.સી. કોલેજ, " વિધાકુંજ સંકુલ " વિધાકુંજ સર્કલ,સુભાષચંદ્ર બોઝ માર્ગ, પાલનપુર જકાતનાકા, અડાજણ વેસ્ટ, જિ.સુરત- ૯ (બહેનો- અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ)
૨ ગુજરાત બાલ અધ્યાપન મંદિર, પ્રિતમનગર અખાડા સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬, ( મિશ્ર )
૩. શ્રી જ્ઞાનમંદિર પ્રિ.પી.ટી.સી. કોલેજ, અંબિકા ચર્ચ પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા ( બહેનો માટે )
૪. શ્રી આર.જી.પટેલ પ્રિ.પી.ટી.સી. કોલેજ, માણુંદ, તા.પાટણ જિ.પાટણ ( બહેનો માટે ) .

તારીખઃ- /૫/૨૦૧૬
સ્થળઃ- ગાંધીનગર

(એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજય ગાંધીનગર.

# પ્રિ.પી.ટી.સી. ( બાલ અધ્યાપન મંદિર ) માં પ્રવેશ અંગેની સુચનાઓ અને કોલેજ ની યાદી

રાજયમાં આવેલ સરકાર માન્ય ગ્રાન્ટેડ તથા સ્વનિર્ભર બાલ અધ્યાપન મંદિરોમાં એક વર્ષના અભ્યાસક્રમમાં સને ૨૦૧૬-૧૭ ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારો પાસેથી અરજીઓ માંગવામાં આવે છે.

(૧) **પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાતઃ-** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્રારા લેવાયેલ ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પરીક્ષા ઉત્તિણ કરેલ હવી જોઇએ. પ્રવેશ એસ.એસ.સી. ( ધોરણ-૧૦) ના ગુણાનુક્રમે મળવાપાત્ર રહેશે.

(૨) **પ્રવેશ માટે ઉંમરઃ-** જે ઉમેદવારોની ઉંમર તા.૧/૭/૨૦૧૬ના રોજ ૨૨ વર્ષથી વધુ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશને પાત્ર ગણાશે. અનામત કક્ષાના ઉમેદવારો માટે મહત્તમ વય મર્યાદામાં ૫ વર્ષની છુટ મળશે.

(૩) **અનામત બેઠકોઃ-** અનુસુચિત જાતિ ૭ %, અનુસુચિચત જનજાતિ ૧૫ % તથા સામાજીક શૈક્ષણિક પછાત જાતિના ઉમેદવારો માટે ૨૭ % બેઠકો અનામત રાખવામાં આવશે. વિકલાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીમાં ૩ % બેઠકો અનામત રહેશે.

(૪) **પ્રવેશ અરજી મેળવવા તથા ભરેલ અરજીઓ આપવા અંગેઃ-** તા.૩૧/૫/૨૦૧૬ થી ૧૦/૬/૨૦૧૬ સુધી (રવિવાર સિવાય) સવારના ૧૧-૦૦ થી બપોરના ૨-૦૦ કલાક દરમ્યિાન રૂા.૨૦/- રોકડા આપવાથી ઉમેદવારો જે બાલ અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે બાલ અધ્યાપન મંદિરમાંથી પ્રવેશ ફોર્મ મળશે. જે ભરીને તે જ બાલ અધ્યાપન મંદિરમાં તા.૧૦/૬/૨૦૧૬ સુધી પરત આપવાના રહેશે. પ્રવેશ ફોર્મ આપતી વખતે અસલ પ્રમાણપત્રો જેવા કે એસ.એસ.સી.માર્કશીટ, ટ્રાયલ સર્ટીફીકેટ, સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ, શારીરિક ખોડખાપણનો દાખલો તથા જાતિ પ્રમાણપત્ર સાથે લઇ જવાના રહેશે.બક્ષીપંચના ઉમેદવારોએ તા.૧/૪/૨૦૧૬ પછીનું ક્રિમીલીયર સર્ટી રજુ કરવાનુ રહેશે.

(૫) **સ્વનિર્ભર પ્રિ.પી.ટી.સી. સંસ્થામાં વાર્ષિક ફી રૂા.૧૫૦૦૦/- રહેશે.**

## અનુદાનિત બાલ અધ્યાપન મંદિરોની યાદીઃ-

૧. શ્રીમતી માણેકબા પૂર્વ પ્રાથમિક શિક્ષણ તાલીમ કેન્દ્ર,અડાલજ, જિ.ગાંધીનગર (બહેનો માટે )
૨. શ્રી બી.એમ.પટેલ બાલ અધ્યાપન મંદિર, ડાકોર રોડ, નડિયાદ,જી. ખેડા (બહેનો માટે )
૩. શ્રી વસંત બાલ અધ્યાપન મંદિર, જીવન માંગલ્ય સ્કુલ પાસે, દાંડિયા બજાર, વડોદરા, જી.વડોદરા, (બહેનો માટે)
૪. શ્રી વલ્લભ કન્યા કેળવણી મંડળ, ઢેબર ચોક, રાજકોટ, જિ.રાજકોટ ( બહેનો માટે )
૫. શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગર, જિ. ભાવનગર ( મિશ્ર )
૬. શ્રી કે.જે.મહેતા કોલેજ ઓફ પ્રિ.પ્રાયમરી એજયુકેશન, કલ્યાણ મંદિર કેમ્પસ, વિધામંદિર, પાલનપુર ( મિશ્ર )
૭. મૈત્રી વિધાપીઠ પૂર્વ પ્રાથમિક બાલ અધ્યાપન મંદિર, માનવ મંદિર, સુરેન્દ્રનગર (બહેનો માટે)
૮. બાલ અધ્યાપન મંદિર, મુન્દ્રા, જી. કચ્છ ( બહેનો માટે )

## સ્વનિર્ભર બાલ અધ્યાપન મંદિરોની યાદી

૧. શ્રીમતી ઝેડ.એસ.પટેલપ્રિ.પી.ટી.સી.કોલેજ,"વિધાકુંજ સંકુલ" વિધાકુંજ સર્કલ, સુભાષચંદ્ર બોઝ માર્ગ, પાલનપુર જકાતનાકા, અડાજણ વેસ્ટ, જિ.સુરત - ૯ ( બહેનો- અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ )
૨ ગુજરાત બાલ અધ્યાપન મંદિર, પ્રિતમનગર અખાડા સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬, (મિશ્ર)
૩. શ્રી જ્ઞાનમંદિર પ્રિ.પી.ટી.સી. કોલેજ, અંબિકા ચર્ચ પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા (બહેનો માટે)
૪. શ્રી આર.જી.પટેલ પ્રિ.પી.ટી.સી. કોલેજ, માણુંદ, તા.પાટણ જિ.પાટણ ( બહેનો માટે ) .

તારીખઃ- ૩૦ /૫/૨૦૧૬ (એમ. આઇ. જોષી)
સ્થળઃ- ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર